ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૪-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### લોકશાહીનો મહામૂલો અવસર

દુનિયાના સૌથી મોટા લોકતંત્રની પ્રતિષ્ઠા ધરાવતા મહાન રાષ્ટ્રની પ્રજા માટે ચૂંટણી એ મહામૂલો ઉત્સવ જ ગણાય. સને ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ ડો. બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વ હેઠળની ડ્રાફ્ટ સમિતિએ ઘડેલું ઉદાત્ત બંધારણ અમલમાં આવ્યું, જે અન્વયે ફૂટપાથ પર ભીખ માગતા અકિંચન કોઢિયાથી લઈ ખેતરો અને કારખાનાંમાં કાળી મજૂરી કરતા શ્રમજીવીને અને ભારતના રાષ્ટ્રપતિને એક સમાન મતાધિકાર અપાયો છે. એમાં લિંગ, જાતિ, ધર્મ કે શહેર-ગામડાનો, અભણ-ભણેલાનો કે રંક-રાયનો ફરક નથી. આવું ચૂંટમી પર્વ ગુજરાત માટે વિશેષ મહિમાવંતુ છે કારણ કે ગુજરાતના જ એક મૂઠી હાકડાંના માનવીએ આ દેશમાંથી અંગ્રેજોના શાસનને એના તપોબળ થકી મારી હટાવ્યુ હતું અને દેશને ગુલામીની સાંકળોથી મુક્ત કર્યો હતો. આજે ગુજરાતની છવ્વીસે છવ્વીસ બેઠકો પર એક સાથે મતદાન યોજાશે. દેશના અન્ય ભાગો સહિત કુલ ૮૯ બેઠકોની આ ચૂંટણી તે સોળમી લોકસભા માટેની ચૂંટણીનું સાતમુ ચરણ છે. જયારે દેશ એના ઉજ્જવળ ભવિષ્ય તરફ મીટ માંડી રહ્યો છે ત્યારે શાણા ગુજરાતી મતદાતાઓએ બહુ વિવેકપૂર્વક પોતાના આ અમૂલ્ય અધિકારનો ઉપયોગ કરી સર્વાંગી વિકાસ અને સૌહાર્દ- કોમી એખલાસ જેવા સકળ મુદ્દાઓ ધ્યાને લઈ યોગ્ય ઉમેદવારોને ચૂંટી મોકલવા જોઈએ. જયપ્રકાશ નારાયણની પક્ષરહિત લોકશાહીનો ઉમદા વિચાર અમલમાં મૂકી શકીએ એટલા આપણે પરિપક્વ નથી. આપણે બહુપક્ષીય સાંસદીય લોકતંત્રની બ્રિટિશ પ્રણાલી અનુસરતા હોઈ આપણા મતદાતાએ વ્યક્તિ અને પાર્ટી બેઉને કસોટીની એરણે કસીને મતદાન કરવું જોઈશે. મતદાન જેટલું વધુ પ્રમાણમાં થાય તેટલી પ્રજા વધુ જાગૃત ગણાય. કમનસીબી એ છે કે આપણો ભણેલો-ગણેલો સમજદાર મતદાર પેલા અભણ ગ્રામીણ મતદારની સરખામણીએ વધારે આળસુ અને ઉદાસીન પુરવાર થતો રહ્યો છે. વળી રાજકીય પક્ષોના ઉત્સાહી કાર્યકરો પોતપોતાના ઉમેદવારની તરફેણમાં છેક છેલ્લી મિનિટ સુધી મતદારોને લલચાવવાના પ્રયત્નો કરતા રહે છે તે પણ વખોડવાપાત્ર બાબત છે. ભોળા મતદારોને વિવિધ પ્રલોભનો આપી પોતાના પક્ષે ખેંચવાની વૃત્તિ ખરેખર વખોડવા લાયક છે. દેશના ચૂંટણી પંચે આ બાબત ધ્યાનમાં લઈને મતદારના ફોટા સાથેની મતદાર સ્લીપો ઘેર ઘેર પહોંચાડીને સ્તુત્ય કાર્ય કર્યું છે. કદાચ બીજું કોઈ ઓળખપત્ર નહીં હોય તો આ સ્લીપ જ મતદારના ઓળખપત્રની ગરજ સારશે. ચૂંટણી પંચે છેલ્લે સુધી મતદાર યાદીઓને સુધારવાની ઝુંબેશ ચલાવી હોઈ ઘણા નવા મતદાતાઓ નોંધાયા છે. આ તમામ મતદાતાઓ અને સવિશેષ પહેલી જ વાર મતદાન કરવા જઈ રહેલ યુવા વર્ગ પાસે દેશને મસમોટી અપેક્ષાઓ છે. કોઈપણ પ્રકારના પ્રોલભન, શેહશરમ કે દબાણમાં આવ્યા વિના દરેક મતદાતા એની પવિત્ર રાષ્ટ્રીય ફરજ બજાવે તે ઈચ્છનીય છે. મતદાન કરનારે ઉપલબ્ધ ઉમેદવારો પૈકી કોઈ એકને મત આપવો જ એવું ફરજિયાત નથી. જો મતદાતાને એક પણ ઉમેદવાર યોગ્ય ન લાગતો હોય તો ચૂંટણી પંચે એને માટે આ વખતથી 'NOTA'- નન ઓફ ધિ એબાઉ- ઉપરોક્ત પૈકી કોઈ નહીં.' નો વિકલ્પ પણ આપ્યો છે. ચાલો, આપણે આજે રાષ્ટ્રીય કર્તવ્ય અદા કરી દેશને વધુમાં વધુ લાયક સાંસદ ઉપલબ્ધ કરાવવા કૃત સંકલ્પ બનીએ! લોકશાહીમાં સંસદ સર્વોચ્ચ છે અને સંસદ પ્રજાના મતોથી ચૂંટાય છે- 'યથા પ્રજા તથા રાજા!' લોકતંત્ર અમર રહો!

## વેકેશનના સમયમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતી આત્મન્ અભિવ્યકિત બાળશિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૨૯

પ્રતિ વર્ષ વેકેશનના સમયમાં આત્મન્ ફાઉન્ડેશન દ્વારા બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતી ત્રણ દિવસની આત્મન્ અભિવ્યકિત બાળ શિબિર યોજવામાં આવે છે. આ વર્ષે તાજેતરમાં તા. ૨૫, ૨૬, ૨૭ એપ્રિલ ૨૦૧૪ દરમિયાન કુદરતી સ્થળ એવા શ્રી જવાહરલાલ નહેરુ આયુર્વેદ વનૌષધિ ઉદ્યાન ખાતે આ શિબિર યોજવામાં આવી હતી. શિબિરમાં ગાંધીનગરની વિવિધ શાળાનાં ધોરણ-૧ થી ૯નાં ૮૫ ઉપરાંત બાળકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. બાળ શિબિરમાં બાળકોએ ડ્રોઈંગ, પેપર ક્રાફટ, થ્રી સ્ટેપ બ્રિધિંગ, એકસરસાઈઝ, બાળગીત-વાર્તા, નાટક-અભિનય, રમત-ગમત, માઈન્ડપાવર-મેમરી ગેમ, નૃત્ય, જાદુના પ્રયોગો, વિજ્ઞાનના પ્રયોગો, ડોકટરનું માર્ગદર્શન, વિવિધ પક્ષીઓના અવાજો, વનૌષધિઓ વિશેની જાણકારી વગેરે વિવિધ પ્રવૃત્તિઓ આનંદ સાથે માણી હતી. પ્રત્યક્ષ રીતે તેમજ અનૌપચારિક રીતે બાળકોને સંસ્કાર ઘડતર, આત્મ વિશ્વાસ, વ્યકિતત્વ વિકાસ, પર્યાવરણ જાગૃતિની બાબતોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શિબિરના સમાપન પ્રસંગે ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર, ચોકલેટ-બિસ્કિટ અને સુંદર ગિફટનું સંસ્થા તરફથી વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો તથા વાલીઓએ એમના પ્રતિભાવમાં શિબિરને ખૂબ ઉપયોગી જણાવી હતી. શિબિરના છેલ્લા દિવસે વાલીઓ સાથે ઈફેકિટવ પેરેન્ટિંગ વિષયક માર્ગદર્શન-ચર્ચાની બેઠક પણ સરસ રીતે યોજાઈ હતી.

શિબિરમાં વિવિધ વિષયના તજજ્ઞો તરીકે સર્વશ્રી વિક્રમ જાની, ક્રિનલ જાની, મીતાબહેન, એચ.બી. વરિયા, પ્રજ્ઞા ગજ્જર, કુંતલ નિમાવત, નિસર્ગ સાયન્સ સેન્ટરના હાર્દિકભાઈ, પલ્લવીબેન પટેલ, જે.સી. પટેલ, જયશ્રી ખેતિયા, તુષાર દવે, ડૉ. મનિષા શુકલ, ડૉ. શિલ્પા ભટ્ટ, નિકુંજભાઈ પટેલ, દિવ્યાબેન વરિયા, શિવમ સુથાર વગેરેએ બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવી હતી.

આ ૧૮મી બાળ શિબિરને સફળ બનાવવામાં સંસ્થાના પ્રમુખ શ્રી સી.એલ. મહેતા, લીના મહેતા, સુધા શુકલ, પ્રજ્ઞા પટેલ, તુષાર દવે, જયશ્રી ખેતિયા, વિક્રમ જાની, સંજય થોરાત, શિવમ્ સુથાર, દર્શના વ્યાસ, એચ.બી. વરિયાએ ખુબ સહયોગ આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસની આ શિબિર આખા દિવસ માટે યોજાતી હોય છે.

## ૧૫૦૦ ટ્રીપને કેન્સલ કરાતા હજારો વિદ્યાર્થી રઝળી પડ્યા

અમદાવાદ, તા.૨૯

લોકસભાની ચૂંટણીના કારણે અમદાવાદ એસટી ડિવીઝને ૫૦૦થી વધુ બસો વહીવટીતંત્રને ફાળવી દેતાં ૧૫૦૦થી વધુ ટ્રીપો આજથી આવતીકાલે એમ બે દિવસ માટે કેન્સલ થઈ છે. જેના કારણે આજે રોજબરોજની અવરજવર કરતા મુસાફરોની સાથે પરીક્ષા આપવા જનાર હજારો વિદ્યાર્થીઓ રઝળી પડ્યા હતા. એટલું જ નહીં એસટી બસો ચૂંટણીતંત્રને ફાળવાતા લગ્નપ્રસંગ માટે બુકીંગ કરાવવા માંગતા લોકોને પણ હાલાકી ભોગવવી પડી છે.

લોકસભાની ચૂંટણીના કારણે અમદાવાદ એસટી ડિવિઝને ૫૦૦થી વધુ બસો વહીવટીતંત્રને ફાળવી દેતાં ૧૫૦૦થી વધુ ટ્રીપો આજે અને આવતીકાલે એમ બે દિવસ માટે કેન્સલ થઈ છે. આ અંગે એસટીના સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કુલ ૫૦૦ કરતા વધુ બસો ચૂંટણીની કામગીરી માટે ફાળવવામાં આવી છે. જેમાંથી ૬૫ બસો પોલીસતંત્રને આપવામાં આવી છે. ચૂંટણીતંત્રને બસો ફાળવતા બે દિવસ માટે બસોથી વધુ રૂટો રદ કરવામાં આવ્યા છે જેના કારણે ૧૫૦૦ ટ્રીપ કેન્સલ કરવી પડી છે. ખાસ કરીને અનેક ગ્રામ્ય વિસ્તારોના રૂટ રદ કરવા પડ્યા છે. એક્સપ્રેસ બસના ચાલકોને લોકલ બસોમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓ અને પાસધારક મુસાફરોને લેવા સુચના અપાઈ છે. તેમ છતાં રોજબરોજની અવરજવર કરતા મુસાફરોની સાથે પરીક્ષા આપવા જનાર હજારો વિદ્યાર્થીઓ રઝળી પડ્યા હતા.

**હોલ ટીકીટ વેબસાઈટ પરથી ડાઉનલોડ થઇ શકશે**

## ગુજકેટ હોલ ટીકીટનું વિતરણ બીજી મેના દિવસે હાથ ધરાશે

અમદાવાદ, તા.૨૯

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં જવા માટે ફરજીયાત એવી ગુજકેટની પરીક્ષા આગામી ૮ મે ના રોજ લેવામાં આવનાર છે. આ પરીક્ષાની હોલ ટીકીટોનું વિતરણ આગામી બીજી મે ના રોજ કરવામાં આવશે. આ ઉપરાંત બીજી મે બાદ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પરતી પણ હોલ ટીકીટ ડાઉનલોડ કરી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૮ મે ૨૦૧૪ના રોજ ગુજકેટ-૨૦૧૪ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં બેસવા માટે હોલ ટીકીટના વિતરણની પ્રક્રિયા શિક્ષણ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવી છે. જે મુજબ ગુજરાત શિક્ષણ બોર્ડ સિવાયના વિદ્યાર્થીઓની હોલ ટીકીટ શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને ટપાલ દ્વારા મોકલી આપવામાં આવી છે જ્યારે ગુજરાત શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓ હોલ ટીકીટનું વિતરણ આગામી બીજી મે ના રોજ કરવામાં આવનાર છે. તેથી રાજ્યની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ તા. ૨ મે ૨૦૧૪ અને શુક્રવારે સવારના ૧૧:૦૦થી સાંજના ૧૬:૦૦ કલાક દરમ્યાન જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતેથી મેળવી લેવાની રહેશે. ત્યારબાદ શાળાઓ દ્વારા હોલ ટીકીટ પર આચાર્યનાં સહી સિક્કા કરીને વિદ્યાર્થીઓમાં વિતરણ કરવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ હોલ ટીકીટ મળેલ ન હોય કે ખોવાઈ ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ www.gseb.org પરથી હોલ ટીકીટની પ્રિન્ટ ડાઉનલોડ કરી શકસે. જેને પરીક્ષા દરમ્યાન હોલ ટીકીટ તરીકે માન્ય રાખવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓએ હોલ ટીકીટ ફરજીયાત સાથે રાખવાની રહેશે. હોલ ટીકીટ વગર વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

## ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સે-૨૩ સ્થિત સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી રવિવાર ના રોજ સેકટર-૨૩ લગ્નવાડી ખાતે તૃતીય સમૂહ યજ્ઞોપવિત સંસ્કારથી દ્વિજ બનતા બટુકો માટે તૃતિય સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ યોજાશે. જેમાં ગણેશ સ્થાપન, મંડપ મુહર્ત, ગ્રહશાંતિ, બટુકોને આર્શિવચન તથા બટુક યાત્રા અને સત્કાર સમારંભ યોજાશે. આ ધાર્મિક પ્રસંગે ગોંડલ સ્થિત ભુવનેશ્વરી પીઠના આચાર્ય ઘનશ્યામજી મહારાજ ખાસ ઉપસ્થિત રહેશે અને ૨૦ બટુકોને આશીર્વચન આપશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.

## હરિની દ્રષ્ટિ...



*હે રણછોડરાય, આણે જે વચન આપ્યા છે તે સાચા માનીને હું તેમને વોટ આપવા જાઉં છું... પ્રભો એને સદબુધ્ધિ આપજે કે ચુંટાયા બાદ એ પણ 'રણ-છોડ' સાબિત ન થાય!!!*

## સે-૧ ગાયત્રી મંદિરે મફત ધ્યાનયોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

દિવ્ય જીવન સંઘ અને ગાયત્રી શકિત પીઠ ગાંધીનગર દ્વારા તા. ૧ મેથી ૧૦મે દરમિયાન સેકટર-૧ સ્થિત ગાયત્રી શકિત પીઠ ખાતે સવારે ૭.૦૦ થી ૮.૦૦ કલાક સુધી ધ્યાન-યોગ શિબિરનું મફત આયોજન કરવામાં આવ્યું છે. નિષ્ણાત દ્વારા યોગાસનો કરાવવામાં આવશે તેમજ શારીરિક અને માનસિક રોગોથી કેવી રીતે છુટકારો મેળવવો તેનું પ્રશિક્ષણ આપવામાં આવશે. શિબિરનો લાભ લેવા નગરજનોને જણાવવામાં આવ્યું છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩ ખાતે દસ દિવસ સાયન્સ ફિલ્મ શૉ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓના સમયનો સદઉપયોગ થાય અને વિજ્ઞાનલક્ષી જાણકારી મળી રહે તે માટે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'સાયન્સ ફિલ્મ શૉ' યોજવામાં આવશે.

| તારીખ | સાયન્સ ફિલ્મનું નામ |
|---|---|
| ૧-૫-૨૦૧૪ | રીઅલ સ્ટીલ |
| ૨-૫-૨૦૧૪ | ગ્રેવિટી |
| ૩-૫-૨૦૧૪ | રેસ ટુ વિટ માઉન્ટેન |
| ૪-૫-૨૦૧૪ | ધ વર્થ ઓફ ટાઈટન્સ |
| ૫-૫-૨૦૧૪ | ટર્મિનેટર |
| ૬-૫-૨૦૧૪ | ટ્રાન્સફોમર્સ-૩ |
| ૭-૫-૨૦૧૪ | ઈવોલ્યુશન |
| ૮-૫-૨૦૧૪ | ટીરેક્ષ |
| ૯-૫-૨૦૧૪ | પ્રિડેટર |
| ૧૦-૫-૨૦૧૪ | વોલ્કનો |

નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ સેકટર-૨૩ ખાતે તા. ૧ મે થી ૧૦મે સુધી દરરોજ રાત્રે ૮-૦૦ થી ૧૦.૩૦ દરમિયાન વિજ્ઞાનલક્ષી ફિલ્મો બનાવવામાં આવશે. નગરના વિદ્યાર્થીઓ વિજ્ઞાનથી વાકેફ થાય અને પોતાની કારકિર્દી ઘડતરમાં ઉપયોગી બને તે હેતુથી ફિલ્મ શૉ વિના મુલ્યે બતાવવામાં આવશે

દરરોજ રાત્રે વિજ્ઞાનલક્ષી અલગ અલગ ફિલ્મો મોટા પડદા પર બતાવવામાં આવશે જેમાં પર્યાવરણલક્ષી, આરોગ્યલક્ષી, ડોકયુમેન્ટરી ફિલ્મો બતાવાશે તેમજ વધુ માહિતી માટે સંસ્થાના કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણા ૯૪૨૬૪૫૧૧૦૨ પર સંપર્ક કરવો.

## સરગાસણ સ્થિત ઈન્ફોસિટી સ્કુલમાં સમરકેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સરગાસણમાં આવેલી ઈન્ફોસિટી સ્કુલમાં એક સપ્તાહ સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧મેથી તા. ૭મે દરમિયાન સ્કુલમાં સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક સુધી સેલ્ફ ડિફેન્સ, યોગ, રિવર ક્રોસિંગ, કિવઝ કોમ્પીટીશન, સ્કેટીંગ, પર્સનાલીટી ડેવલપમેન્ટ, આર્ટ એન્ડ ક્રાફટ, ગન શુટીંગ, એકસસાઈઝ સહિતની પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. સમર કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ઓર્ગેનાઈઝર જતીન દવે- ૯૭૨૫૦૭૨૩૨૨, અજય જાડેજા ૯૯૮૩૬૨૫૬૮ અને સ્કુલ ઓફિસ- ૭૬૨૩૮૭૧૬૪૭/૪૮ પર સંપર્ક કરવો.

## થોડાક નવા વિચારો જૂની ડાયરીમાંથી...

**વિચારોનાં મધુવનમાં**

*પ્રા. ડો. રાકેશ પટેલ*

જીવનની મજા શેમાં છુપાયેલી છે? જવાબ માટે ઓસ્કાર વાઈલ્ડનું આ વાક્ય વાંચવા જેવું છે. 'અચોક્કસતા એ તો જીવન સાથેનો 'રોમાન્સ'નો આત્મા છે. જો ભવિષ્યમાં બનનારી બધી જ ઘટનાઓની આપણને આગળથી જાણ થઈ જાય તો પછી જીવનમાં કોઈ રસ જ ન રહી શકે.' આપણી જીજ્ઞાસા કોઈ રીતે જાગતી રહે તે પણ માણસ હોવાની શરત બની શકે.

પ્રેમની એક ઠપકાભરી સુંદર કાવ્ય પંક્તિ :

'જયાં ઠપકો નથી ત્યાં પ્રેમ કેવો?
જ્યાં પ્રેમ હોય ત્યાં ઠપકો હોય જ!'

માર્ગારેટ મીડ નામની ચિંતકે થોડા અને વિચારવંત વ્યક્તિઓ શું કમાલ કરી શકે તેની વાત કરી છે. 'એક વાતે કદી શંકા કરશો નહીં કે વિચારવંત અને નિષ્ઠાવંત નાગરિકોનું નાનું જૂથ દુનિયાને બદલી શકે છે, ખરેખર તો કાયમ એવું જ બનતું આવ્યું છે.'

આપણી શિક્ષણ નીતિઓ કોઈપણ દેશની નીતિઓને ટક્કર આપે એવી હોય છે અને ખાસ કરીને જયારે અમલમાં આવવાની હોય ત્યારે જાહેરાત એવી રીતે કરવામાં આવે કે હવે તો શિક્ષણમાં કોઈ મહાન અને જાદુઈ અસર થશે અને દેશ પ્રગતિ કરી નાખશે જ! છેક ૧૯૬૬ના રાષ્ટ્રીય શિક્ષણ પંચના અહેવાલમાં સમાજ પરિવર્તનમાં શિક્ષણની ભૂમિકા અંગે આ શબ્દોમાં સ્પષ્ટ છણાવટ થઈ હતી. 'હિંસક ક્રાંતિ સિવાય મોટા પાયા પર પરિવર્તન સિદ્ધ કરવું હોય તો તેને માટે ઉપયોગી એવું એક માત્ર શસ્ત્ર તે શિક્ષણ. અન્ય પરિબળો આમાં ઉપયોગી થાય અને કયારેક તો તેમની દેખીતી અસર વધારે દેખાય. પરંતુ તમામ જનતા સુધી પહોંચે તેવું શસ્ત્ર તે માત્ર રાષ્ટ્રીય શિક્ષણ પ્રથા જ છે. છતાં, પણ ઈચ્છાઓ પરિપૂર્ણ કરવા માટેનો તે કાનિ જાદુઈ ચિરાગ નથી. આ તો તલવારની ધાર પર ચાલવા જેવું કપરું સાધન છે. તેના અસરકારક ઉપયોગ માટે લોખંડી ઈચ્છાશક્તિ. એમાં જ ખોવાઈ જવાની ખેવના અને આત્મા સમર્પણની જરૂર છે. અન્ય દેશોની વિકાસની મથામણમાં ઉપયોગી સાબિત થયેલું હથિયાર ભારતને પણ ઉપયોગી નીવડશે. સોક્રેટીસે પણ શિક્ષણને દાયણની ઉપમા આપેલી. સોક્રેટીસ પોતે એક દાયણનો દીકરો હતો. કાર્લમાકર્સ પણ સમાજ પરિવર્તનની દાયણ તરીકે બળનો મહિમા કરેલો.

આપણે રોજ શું વાંચીએ છીએ. કોને મળીએ છીએ અને શું વિચારીએ છીએ તેના આધારે આપણામાં અને દેશનાં વિકાસમાં ફેરફાર થયા કરે છે. એક સુવિચાર :

'માનવીના દૈનિક જીવનમાં પ્રસરેલા વિચારોએ જ સાંસ્કૃતિ પરિવર્તનો સર્જ્યા છે.'

આજે સમાજની સમસ્યાઓ નાગરિકોની સમજનો અધૂરા વિકાસ સાથે જોડાયેલી છે. સંસ્કૃતમાં આવતું એક વાકય આપણે હજી સમજ્યા નથી. 'કેવલાઘો ભવતી કેવલાદી' જે એકલો પોતાનું પેટ ભરે છે. તે પાપથી પેટ ભરે છે.' ૪૦ ટકા પ્રજાને બે ટંકનું ભોજન પૂરું મળતું નથી. જો દરેક ભારતીય ઉપરોક્ત વાકય સમજી લે તો અનાજ ઘણું ગોદામોમાં સડ્યાં કરે છે. અનાજ છે પણ આપવાની સમજ વિકસી ન હોવાથી રાજકીય સટ્ટાબાજો અનાજને પણ આવકનું સાધન માની અનાજને સડવાની મજા કરાવે છે.

સુરેશ દલાલ બદલાતા સરનામાં વિશે કટાક્ષ કરે છે...
હું તને પત્ર લખું છું,
પણ મોકલતો નથી,
કાણ કે,
તારું સરનામું બદલાયા કરે છે.

વડોદરાનાં દિલીપ મહેતાએ વર્ષો પહેલા ગાંધીજી વિશે એક પ્રવચનમાં કહ્યું હતું કે, 'ગાંધીજી કદાચ કલર ટીવી, એરકંડીશનર, ચેનલો કે મારુતિના આટલા મોડલ ન આપી શક્યા હોત પણ એમની કલ્પનાના ગામડામાં રોટલા વગરનું, ઓટલા વગરનું અને આવરણ વગરનું કોઈ ન હોત. ગોડસે એ ગાંધી જેને સામી છાતીએ વીંધ્યા અને આપણે એમને પીઠ પાછળથી વીંધ્યા. રાષ્ટ્રપિતા સાથે આટલી ભયંકર છેતરપીંડી અન્ય કોઈ દેશે કરી હશે ખરી? દાંડીનો દરિયો આપણને કાનમાં કહી રહ્યો છે. સબકો સન્મતિ દે ભગવાન..'

**'માનવીના દૈનિક જીવનમાં પ્રસરેલા વિચારોએ જ સાંસ્કૃતિ પરિવર્તનો સર્જ્યા છે'**

સોલમ, ગ્રીક દેશના પ્રખ્યાત ચિંતક હતા. એક સડેલું સફરજન લઈને ઊભા હતા. લોકોને કહ્યું, 'બોલો, આ બગડેલા સફરજનને સુધારવું હોય તો શું કરવું પડે? બધા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. સડેલું સફરજન વળી સુધરે શી રીતે? બધા મૌન રહ્યા. એટલે સોલમે પોતાનો સવાલ દોહરાવ્યો.

વૃક્ષ વાવવું હોય અને ફળ મેળવવું હોય તો જમીન ખેડવી પડે. સાફ કરવી પડે. ખાતર નાખવું પડે. બાજ ઓરવાં પડે, પાણી પાવું પડે, વાડ કરવી પડે. અન્ય આવશ્યક સુરક્ષાનો પ્રબંધ કરવો પડે. એકલું બીજ નાખી દઈએ તો ન ચાલે. ખૂબ બધા બીજ વેરી દઈએ તો પણ ન ચાલે. રોજરોજ વેરતા જ રહીએ તો પણ ન ચાલે.

એ જ રીતે બાળકને પણ આપણે ભવિષ્યનો સંનિષ્ઠ નાગરિક બનાવવો હોય તો તેના મનને નવીન અને શ્રેષ્ઠ વિચારોથી ભરી દેવો જોઈએ. માતા-પિતાએ બાળકોને સત્ય, શ્રમા, વીરતા વગેરે સંસ્કારોનું ખાતર આપતાં રહેવું જોઈએ. તેનામાં રહેલી નિસર્ગદત્ત શક્તિઓને ખીલવા માટે યોગ્ય વાતાવરણ આપવું જોઈએ. બુદ્ધિ ગ્રહણશીલ, સાત્વિક અને તેજસ્વી બને તે માટે સતત મહાપુરુષોના જીવનને સમજવું, ધર્મગ્રંથોનો અભ્યાસ અને સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાવું જોઈએ.

એક પ્રૌઢે સભા વતી જવાબ આપ્યો, આ સફરજન તો ફેંકી જ દેવું પડે. બધા સોલમના પ્રતિભાવની રાહ જોતા હતા. સોલમે કશું કહ્યા વગર તો સફરજનના ચાર સરખા ટુકડા કર્યા. અંદર રહેલા તેનાં બીજ બતાવીને પૂછ્યું, આ બીજ કેવા છે? તે તો સારા છે. બધાએ સ્વીકાર્યું. તેને વાવવાથી સારું સફરજન ન મેળવી શકાય? સડેલા સફરજનના પણ બીજ તો સારા જ હોય છે. સહુને નવું બ્રહ્મ જ્ઞાન લાધ્યું...